# સુરત કોર્ટ પરિસરમાંથી લેપટોપ ચોરીનાં ગુનાનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ:-

સુરત શહેરના કોર્ટ બીલ્ડીંગના ગ્રાઉન્ડ પર આવેલ વકીલ રૂમ નં.૦૫ માંથી ફરીયાદી વકીલશ્રીનાઓનું લેપટોપ કોઇ અજાણ્યા ઇસમ દ્વારા ચોરી કરી લેવામા આવેલ. જે અનુસંધાને ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૮૬/૨૦૧૯ IPC કલમ ૩૮૦ મુજબનો ગુન્હો રજિસ્ટર થયેલ. જે ગુન્હો અનડીટેકટ હોય જેને શોધી કાઢવા ક્રાઈમ બ્રાંચની જુદી જુદી ટીમો ગુનાનો ભેદ ઉકેલવા વર્કઆઉટમાં જોડાયેલ તે દરમ્યાન અ.હે.કો. અભયસિહ વજેશંગભાઇ અને અ.હે.કો. દિગ્વીજયસિંહ ભીમજીભાઇ નાઓને મળેલ બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચના પી.એસ.આઇ.શ્રી વી.જે.ચાવડા તથા તેમની ટીમના માણસોએ આરોપી મલેકાબેન @મલ્લિકા W/O તેજુનભાઇ સિરાજભાઇ મિઠાઇવાલા, ઉ.વ.૩૩, ધંધો. ઘરકામ, રહે. ઘર નં.૨૦૨, પારસીવાડની ગલી, સૈયદપુરા, સુરત શહેરને HP કંપનીના કિ.રૂ.૫૯,૦૦૦ની મત્તાના લેપટોપ સાથે જુની સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી ઝડપી પાડી, મહિલાની પુછપરછ દરમ્યાન આરોપીએ પોતે સલાબતપુરામાં ઘરફોડ ચોરીના ગુનામા પોતે પકડાયેલ હોઇ, સુરત કોર્ટમાં તે કેસના કામથી આવેલ હતી તે દરમિયાન વકીલ રૂમમાં જતા ફરીયાદીનું લેપટોપ બેગ પડેલ હોઇ તેને કોઇનું ધ્યાન ન હતુ ત્યારે ચોરી કરી લીધેલ. આ અગાઉ આરોપી સલાબતપુરા પો.સ્ટે.ના બે ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

ગુનાહિત ઇતિહાસ:(૧) સલાબતપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૧૪/૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ (૨) સલાબતપુરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૭૧/૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ